ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

કરૂણાંતિકા | કઠાણામાં ખેતરમાં કુંડીમાં લોખંડનો સળિયો નાખતી વખતે જીવંત વીજતાર અડી જતાં હોનારત સર્જાયી

કઠલાલમાં હાઈવોલ્ટેજ વીજલાઈનથી કરંટ લાગતા ૨ના મોત, એક ગંભીર

બે આશાસ્પદ યુવાનોએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૧

કઠલાલ તાલુકાના કઠાણા ગામની સીમમાં પાણીની કુંડી સાફ કરવા જતાં જીવંત વીજલાઈનનો સ્પર્શ થઈ જવાની હચમચાવી મૂકે તેવી દુર્ઘટના બની છે. હાઈવોલ્ટેજ વીજ કરંટનો જોરદાર ઝટકો લાગતાં બે વ્યક્તિઓ જમીન પર પટકાઈ પડ્યા બાદ ઘટનાસ્થળે જ ગણતરીની મિનિટોમાં તેમના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે તેમની સાથે કામ કરી રહેલી અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને કઠલાલની ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર માટે ખસેડવામાં આવી છે. આ કરુણ બનાવને પગલે સમગ્ર કઠાણા ગામમાં ભારે ગમગીની અને શોકનું મોજું ફરી વળ્યું છે.

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના કઠાણા ગામના સીમ વિસ્તારમાં આવેલા એક ખેતરમાં પાણીની કુંડીની સફાઈ કામગીરી ચાલી રહી હતી. આ કુંડીની સફાઈ કરવા માટે એક લાંબો લોખંડનો સળિયો અંદર નાખવામાં આવી રહ્યો હતો. દરમિયાન કુંડીની બરાબર ઉપરથી જ પસાર થતી હાઈવોલ્ટેજ જીવંત વીજલાઈન સાથે લોખંડના સળિયાનો એક છેડો આકસ્મિક રીતે સીધો જ અડી ગયો હતો.

આ સળિયો જીવંત વીજતારને સ્પર્શતાં જ તેમાં ભયંકર વીજ પ્રવાહ દોડી ગયો હતો, જેને કારણે સળિયો પકડીને ઊભેલા લોકોને પળવારમાં જ વીજ કરંટનો જોરદાર ઝટકો લાગ્યો હતો. આ કરંટ એટલો તીવ્ર હતો કે સળિયાના સીધા સંપર્કમાં આવેલા બે લોકો અવાચક બનીને જમીન પર પટકાઈ પડ્યા હતા અને ગણતરીની મિનિટોમાં જ તરફડીને તેમણે ઘટનાસ્થળે જ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. જ્યારે નજીકમાં જ ઊભેલી ત્રીજી વ્યક્તિને પણ કરંટની ભારે અસર થતાં તે પણ ઈજાગ્રસ્ત થઈને નીચે પટકાયો હતો.

આ અકસ્માત સર્જાતાં જ આસપાસના ખેતરોમાં કામ કરતા લોકોએ તાત્કાલિક દોડી આવીને બચાવ કામગીરી શરૂ કરી હતી અને ઈજાગ્રસ્તને કઠલાલની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની વ્યવસ્થા કરી હતી, જ્યાં હાલ તેની સઘન સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે જાણ થતાં જ કઠલાલ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પર પંચનામું કરી બંને મૃતદેહોનો કબજો લીધો હતો અને કઠલાલના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. કઠલાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ કાયદાકીય તપાસ હાથ ધરી છે.

વિદ્યાનગરમાં સિનિયર સિટીઝન સાથે ₹ ૧.૪૧ લાખની છેતરપિંડી

વોટ્સએપ લિંક મોકલી ગઠિયાઓએ ક્રેડિટ કાર્ડ અને બે બેંક એકાઉન્ટમાંથી ૧.૪૧ લાખ ઉપાડી લીધા

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૧

હોસ્પિટલમાં એમઆરઆઈ કરાવવા માટે એપોઈન્ટમેન્ટ લેવાના બહાને કરમસદના ૬૪ વર્ષીય નિવૃત્ત વૃદ્ધને વિશ્વાસમાં લઈ સાયબર ઠગોએ લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો છે. ગઠિયાએ મોકલેલી લિંક પર ક્લિક કરાવ્યા બાદ ક્રેડિટ કાર્ડ તેમજ બેંક ઓફ બરોડા અને એચડીએફસી બેંકના ખાતામાંથી મળીને કુલ રૂપિયા ૧,૪૧,૧૮૦ બારોબાર ઉપાડી લેવાતા વિદ્યાનગર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કરમસદની રમણીય ભૂમિ સોસાયટીમાં રહેતા ૬૪ વર્ષીય નિવૃત્ત પ્રવિણસિંહ અમરસિંહ છાસટિયા હૃદયની બીમારીથી પીડાઈ રહ્યા હોવાથી તેમને ચાંગા સ્થિત ચારુસેટ હોસ્પિટલ ખાતે હૃદયનો એમઆરઆઈ કરાવવાનો હતો. આ માટે તેમણે હોસ્પિટલના નંબર પર કોલ કર્યો હતો, પરંતુ સંપર્ક થઈ શક્યો નહોતો. ત્યાર બાદ થોડીવારમાં જ તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે, "તમારે એપોઈન્ટમેન્ટ બુક કરાવવી હોય તો મેં તમને વોટ્સએપ પર એક લિંક મોકલી છે તેના પર ક્લિક કરો". પ્રવિણસિંહે લિંક ઓપન કરી હતી પરંતુ કોઈ એપોઈન્ટમેન્ટ કન્ફર્મ થઈ નહોતી.

આ ઘટના બાદ તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ સાંજે તેમના એ ચ ડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડમાંથી અચાનક રૂ. ૪૧,૧૮૦ કપાઈ ગયાનો મેસેજ આવ્યો હતો. જેથી તેમણે કાર્ડ બ્લોક કરાવ્યું હતું, પરંતુ ભેજાબાજોએ ત્યારબાદ તા. ૧ ઓક્ટોબરના રોજ તેમના બીઓબી કરમસદ શાખાના સેવિંગ્સ એકાઉન્ટમાંથી રૂ. ૫૦ હજાર અને એચડીએફસી બેંકના વિદ્યાનગર શાખાના સેવિંગ્સ એકાઉન્ટમાંથી બીજા રૂ. ૫૦ હજાર મળીને કુલ રૂ. ૧,૪૧,૧૮૦ બારોબાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. પોતાની સાથે થયેલી છેતરપિંડી સંદર્ભે વૃદ્ધે સાયબર હેલ્પલાઈન અને વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ આદરી છે.

ડાકોરના ગોમતી તળાવમાંથી વેપારીનો મૃતદેહ મળતા ચકચાર

કરિયાણાના જાણીતા ૬૨ વર્ષીય વેપારીના મોતની પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં આવેલા ગોમતી તળાવમાંથી સ્થાનિક ૬૨ વર્ષીય કરિયાણાના વેપારી માંગીલાલ જૈનનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથક અને વેપારી આલમમાં ભારે શોક અને ચકચાર વ્યાપી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ ડાકોર પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચ્યો હતો અને સ્થાનિક તરવૈયાઓની મદદથી મૃતદેહને બહાર કાઢી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી.

ડાકોરમાં વર્ષોથી કરિયાણાનો વેપાર કરતા માંગીલાલ જૈનનો મૃતદેહ તળાવમાં તરતો હોવાની જાણ સ્થાનિક લોકોને થતાં જ અરેરાટી વ્યાપી ગઈ હતી. વેપારી અચાનક કયા સંજોગોમાં તળાવ સુધી પહોંચ્યા અને કેવી રીતે ડૂબી ગયા તે અંગે પ્રાથમિક તબક્કે કોઈ સ્પષ્ટ વિગતો મળી શકી નથી.

ડાકોર પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામાની કામગીરી પૂર્ણ કરી હતી અને મોતનું સચોટ કારણ જાણવા મૃતદેહને ડાકોરની સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે.

હાલમાં ડાકોર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી પરિવારજનો તથા આસપાસના લોકોની પૂછપરછ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે તેમ પોલીસ વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

ચરોતર પંથકમાં નવરાત્રિ પર્વનો પ્રારંભ, ગરબાના મેદાનોમાં ખેલૈયાઓની ધૂમ

ઓરકેસ્ટ્રા ડીજે સંગીત વૃંદ અને ગાયક કલાકારોના સથવારે યૌવન ગરબાની રમઝટમાં લીન



(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

ચરોતર પંથકમાં નવરાત્રિ પર્વનો પ્રારંભ થયો છે. નવરાત્રિને અનુલક્ષીને વિવિધ સ્થળોએ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગરબા મંડળો દ્વારા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે અને ખેલૈયાઓ માતાજીની આરાધના સાથે પરંપરાગત ગરબામાં પ્રથમ દિવસથી જ ભાગ લઈ રહ્યા છે.

નવરાત્રિના નવે નવ દિવસ દરમિયાન ગરબાના મેદાનોમાં કાર્યક્રમો યોજાશે. આ માટે આયોજકો દ્વારા ગાયક કલાકારો અને વાદ્યવૃંદના કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. ગરબા રમવા આવતા ખેલૈયાઓ અને શ્રદ્ધાળુઓ માટે નાસ્તા તેમજ પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

કેટલાક ગરબા મંડળો દ્વારા ધાર્મિક આસ્થા અને સંસ્કૃતિને લગતા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમોમાં ગબ્બર સહિતનાં ધાર્મિક સ્થળો તથા ધાર્મિક પાત્રોનાં જીવંત પ્રદર્શનો રજૂ કરવામાં આવી રહ્યાં છે. આ પ્રદર્શનો દ્વારા નવરાત્રિની ધાર્મિક પરંપરાઓ અને સાંસ્કૃતિક પાસાંને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નવરાત્રિ દરમિયાન ગરબા કાર્યક્રમો મોડી રાત સુધી ચાલે તેવી શક્યતા છે. વિવિધ સ્થળોએ યોજાનારા કાર્યક્રમોમાં સ્થાનિક નાગરિકો અને શ્રદ્ધાળુઓ ભાગ લેશે. આયોજકો દ્વારા ગરબા મહોત્સવ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, સંગીત અને પરંપરાગત ગરબાને આવરી લેતું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર ચરોતર પંથકમાં નવરાત્રિ પર્વની શરૂઆત સાથે વિવિધ સ્થળોએ ગરબા અને ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. આગામી નવ દિવસ દરમિયાન આ કાર્યક્રમો દ્વારા નવરાત્રિની ધૂમધામથી ઉજવણી કરવામાં આવશે.

કારમાં બળદને બાંધી કતલખાને જતો શખ્સ ઝડપાયો

લુણાવાડા હાઈવે પર પશુ ક્રૂરતાનો પર્દાફાશ

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.૧૧

લુણાવાડા ટાઉન પોલીસે સોનેલા ગામ પાસે નાયરા પેટ્રોલ પંપ નજીક ફિલ્મી ઢબે પીછો કરીને ઈકો કારમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલા બળદને મુક્ત કરાવી એક આરોપીને ઝડપી લીધો છે।

લુણાવાડા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે લીંબડીયા તરફથી એક ઈકો ગાડી (નંબરઃ GJ-35-B-6294) માં બળદ ભરીને લુણાવાડા કતલ અર્થે લઈ જવામાં આવી રહ્યો છે। પોલીસે સોનેલા ગામ હાઈવે પર વોચ ગોઠવી હતી। શંકાસ્પદ ગાડી આવતાં તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે કાર ભગાવી મૂકી હતી। પોલીસે સરકારી બોલેરો ગાડી મારફતે પીછો કરી નાયરા પેટ્રોલ પંપ સામે ખુલ્લી જગ્યામાં ઈકો કારને આંતરી લીધી હતી।

કાર ઊભી રહેતાં જ ડ્રાઈવર મુર્તુઝા કોલવણીયા નાસી છૂટ્યો હતો, જ્યારે અંદર બેઠેલા કુરેશી બિલાલ ઈસ્માઈલ (૨ હે. ખાટકીવાડ, લુણાવાડા) ને પોલીસે ઝડપી પાડ્યો હતો। કા ર ની તલાશી લેતાં તેમાં ઘા સ ચારા કે પાણીની સુવિધા વિ ના ટૂંકા દોરડા વડે પગ અ ને શરીર બાંધીને અત્યંત ક્રૂ ર હાલતમાં રાખેલો લાલ રંગનો બળદ મળી આવ્યો હતો। પૂછપરછમાં આ બળદ લુણાવાડા મોડાસાફળીના સોહેલખાન એ. પઠાણને ત્યાં કતલ માટે લઈ જવાતો હોવાનું ખુલ્યું હતું। પોલીસે રૂ. ૧૦ હજારનો બળદ અને રૂ. ૩ લાખની ઈકો કાર મળી કુલ રૂ.૩,૧૦,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય ગુનાખોરો સામે પશુ સંરક્ષણ ધારા હેઠળ ગુનો નોંધી તપાસ ચલાવી હતી.

આણંદ LCBએ દેશી પિસ્તોલ સાથે નામચીન શખ્સને ઝડપી પાડ્યો

ગામડી બ્રિજ નીચેથી દેશી તમંચા અને ૩ જીવતા કારતૂસ સાથે 'મચ્છી' ઝડપાયો: LCBની ટીમે કુલ ૬૦,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૧

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે નેશનલ હાઈવે ગામડી ઓવરબ્રિજ નજીક ગરનાળા પાસે ફિલ્મી ઢબે વોચ ગોઠવીને એક નામચીન આરોપીને ઝડપી પાડ્યો છે. પકડાયેલા શખ્સ પાસેથી ગેરકાયદેસર દેશી બનાવટની ચાલુ હાલતની પિસ્તોલ, ત્રણ જીવતા કારતૂસ, એક્ટિવા તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૬૦,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આણંદ એલસીબી સ્ટાફ સરકારી અને ખાનગી વાહનમાં નાઈટ પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. તે દરમિયાન ચિખોદરા ચોકડી પાસે પહોંચતા બાતમી મળી હતી કે અગાઉ ગેરકાયદે હથિયાર, ખૂન અને દારૂના ગુનાઓમાં સંડોવાયેલો ઈલ્યાસ ઉર્ફે મચ્છી અબ્દુલહમીદ અબ્દુલ રહીમ શેખ (રહે. શાહે આલમ પાર્ક, ઉમરીનગર પાછળ, આણંદ તથા શ્યામ વિલા સોસાયટી, બેડવા) પોતાની કાળા રંગની એક્ટિવા પર ગેરકાયદે પિસ્તોલ લઈને ગામડી ગરનાળા તરફથી સામરખા ચોકડી તરફ જનાર છે.

આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી ગામડી બ્રિજ પાસે રોયલ સિટીના નાકે વોચ ગોઠવી હતી. મોડી રાત્રે પોણા એક વાગ્યાની આસપાસ એક્ટિવા લઈને નીકળેલા ઈલ્યાસ ઉર્ફે મચ્છીને કોર્ડન કરી અટકાવવામાં આવ્યો હતો. શખ્સની અંગઝડતી લેતાં રૂ. ૨૦,૦૦૦ની કિંમતની દેશી બનાવટની મશીન કટ પિસ્તોલ તથા મેગેઝિનમાંથી રૂ. ૬૦૦ની કિંમતના 'K.F. 7.65' લખેલા ત્રણ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

પોલીસે હથિયાર ઉપરાંત રૂ. ૨૦,૦૦૦નું એક્ટિવા તથા રૂ. ૨૦,૦૦૦નો ઓપ્પો મોબાઈલ મળી કુલ રૂ. ૬૦,૬૦૦નો મુદ્દામાલ સીલ કરી કબ્જે લીધો હતો. આ મામલે આણંદ ટાઉન પોલીસ મથકે આર્મ્સ એક્ટ અને જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરસવણીની પ્રાથમિક શાળામાં રૂપસુંદરી સાપનું સફળ રેસ્ક્યુ



નડિયાદ નજીક આવેલી સરસવણીની પીએમ શ્રી પૂજ્ય રવિશંકર મહારાજ પ્રાથમિક શાળાના બગીચામાંથી રૂપસુંદરી પ્રજાતિનો સાપ મળી આવ્યો હતો. જોકે, શિક્ષક વિક્રમસિંહે બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી ત્વરિત સમયસૂચકતા વાપરી સાપને ઈજા પહોંચાડ્યા વિના પ્લાસ્ટિકના પાત્રમાં પકડી લીધો હતો. આ રેસ્ક્યુ કરાયેલા સાપને શાળા પરિસરથી દૂર જંગલના કુદરતી વાતાવરણમાં સલામત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

પેટલાદમાં ગણેશોત્સવ ટાણે ખેડૂતના ખાતામાંથી તબક્કાવાર ૬૮ હજાર ઉપડી ગયા

પેટલાદના ખેડૂત સાથે ભેજાબાજે કરી ઓનલાઈન છેતરપિંડી

બેંક ખાતામાંથી ૧૨થી વધુ ટ્રાન્ઝેક્શન કરી ૬૮,૬૯૭ સેરવી લીધા

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૧

પેટલાદની જલારામ સોસાયટીમાં રહેતા એક ખેડૂતના બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી અજાણ્યા ગઠિયાએ ઓનલાઈન અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને રૂપિયા ૬૮,૬૯૭.૩૬ની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ખેડૂત ગણેશ પંડાલમાં દર્શન કરવા ગયા હતા તે દરમિયાન આ ગઠિયાએ ખાતું સાફ કરવાનું શરૂ કર્યું હતું.

પેટલાદની કોલેજ ચોકડી પાસે આવેલી જલારામ સોસાયટીમાં રહેતા અને ખેતીકામ કરતા ૪૨ વર્ષીય મનિષભાઈ જશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનું બેંક ઓફ ઈન્ડિયા પેટલાદ શાખામાં ખાતું આવેલું છે. ગત તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ સાંજે સોસાયટીમાં ગણપતિ સ્થાપના નિમિત્તે અન્નકૂટ હોવાથી તેઓ દર્શન અને પ્રસાદ લેવા ગયા હતા. રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ ઘરે પરત ફરી મોબાઈલ તપાસતા ખાતામાંથી રૂ. ૩,૦૦૦ કપાયાનો મેસેજ જોવા મળ્યો હતો.

તેમણે તુરંત બેંક એપ્લિકેશન ખોલીને હિસાબ ચેક કરતાં ચોંકાવનારી વિગત સામે આવી હતી. તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર દર મિયાન તેમના ખાતામાંથી રૂ. ૪,૦૦૦, રૂ. ૭,૯૯૯, રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૯,૯૯૯ સહિત અલગ-અલગ અનેક નાના-મોટા ટ્રાન્ઝેક્શન થઈ ચૂક્યા હતા. ખાતુ ખાલી થયા પછી બચેલા નાણાં બચાવવા માટે મનિષભાઈએ તાબડતોબ પોતાના ભત્રીજા અને મિત્રને રૂ. ૩૫,૦૦૦ ગૂગલ પે કર્યા હતા અને એટીએમમાંથી રૂ. ૯,૦૦૦ ઉપાડી લીધા હતા. જોકે લિમિટ પૂરી થઈ જતાં બીજા દિવસે વધુ રૂ. ૫,૦૦૦ કપાઈ જતાં તેમણે તાત્કાલિક બેંકમાં જઈ ખાતું બ્લોક કરાવ્યું હતું. ભોગ બનનાર ખેડૂતે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ પેટલાદ ટાઉન પોલીસે ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી છે.

ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં નવરાત્રીનું મંચ કરિયરનું લોન્ચપેડ બન્યું !

શાળાના ગરબાથી કિંજલ દવે ગ્રુપ અને કેનેડાના થિયેટર સુધીમાં 'વિના મૂલ્યે' કલા-વિજય

(પ્રતિનિધિ) આણંદ તા.11

સામાન્ય રીતે શાળા-કોલેજના કાર્યક્રમમાં ગરબા રમવા એ વિદ્યાર્થીઓ માટે એક યાદગાર અનુભવ હોય છે, પરંતુ આણંદ સ્થિત ૧૧૧ વર્ષ જૂની ચરોતર એજ્યુકેશન સોસાયટીના વિદ્યાર્થીઓ માટે નવરાત્રીનું આ



મંચ વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત બની ગયું છે. વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ ફી લીધા વિના અપાતી સંગીત અને કલાની તાલીમે આર્થિક રીતે સામાન્ય પરિવારના બાળકો માટે પણ ગુજરાત અને દેશ-વિદેશના અગ્રણી મંચોના દરવાજા ખોલી આપ્યા છે.

ચરોતર એજ્યુકેશન સોસાયટીની 'પરફોર્મન્સ એન્ડ ફાઈન આર્ટ્સ એકેડમી' દ્વારા નવરાત્રી દરમિયાન દર સાંજે પ્રથમ ત્રણ કલાક ધોરણ ૬ થી ૯ ના વિદ્યાર્થીઓને ગરબા અને સંગીતની પ્રોફેશનલ તાલીમ આપવામાં આવે છે. આ તાલીમના બળે દીપાલી પ્રજાપતિ અગાઉ ગીતા રબારી ગ્રુપ અને હાલમાં કિંજલ દવે એન્ડ ગ્રુપ સાથે જોડાયા છે, જ્યારે ચિરાગ મોદી કાવ્યા લીમર્યે એન્ડ ગ્રુપ સાથે કાર્યરત છે. આ ઉપરાંત પ્રયોશા ચૌહાણ, સાક્ષી વાઘેલા અને કૌશિક સેંવા બ્રિજ જોશી એન્ડ ગ્રુપ સાથે જોડાયા છે, તેમજ તન્મય પટેલ અને જય પટેલે પોતાનું સ્વતંત્ર પ્રોફેશનલ ગ્રુપ શરૂ કર્યું છે. આ સંસ્થામાં બીએસસી અને એમએસસીનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓએ પોતાની એકેડેમિક ડિગ્રી કરતાં કલા ક્ષેત્રે કરિયર બનાવવાનું પસંદ કર્યું છે. જેમાં દિયા મહેતા ભુજમાં પ્રોફેશનલ એન્કર, ધ્રુવી ત્રિવેદી કેનેડામાં એક થિયેટર ગ્રુપ સાથે, અમિષા પંચાલ ગુજરાતી ફિલ્મ 'ચણિયાટોળી'માં સપોર્ટિંગ એક્ટ્રેસ તરીકે અને પ્રાપ્તિ પારેખ પ્રોફેશનલ પિયાનો પ્લેયર તરીકે પોતાની ઓળખ બનાવી ચૂક્યા છે.

નેશનલ એજ્યુકેશન પોલિસી અને મુક્ત શિક્ષણનું મોડેલ

ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઘરાવે છે. આ સંસ્થાના સેક્રેટરી કેતન પટેલના જણાવ્યા મુજબ, સંસ્થા તાલીમ માટે કોઈ ફી લેતી નથી. જેથી આર્થિક સ્થિતિ બાળકની પ્રતિભા વચ્ચે બાધક ન બને. આ અભિગમ નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ ના સર્વાંગી અને અનુભવ-આધારિત શિક્ષણના વિઝનને સાકાર કરે છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

નડિયાદ
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225